ક્રીમીનલ પરચુરણ અરજી નં.૭૪૯૦/૨૦૨૫
(આંક-૪૩ ની અરજી લગત હુકમ)

**<u>આંક-૪૩ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ અરજી અરજદાર તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે, સામાવાળા દ્વારા આવક અને સંપતિ નુ ખોટુ સોગંદનામુ રજુ કરેલ હોય તેઓ વિરૂધ્ધ બી.એન.એસ.એસ. ની કલમ.૩૭૯ સાથે કલમ.૨૧૫ મુજબ કાર્યવાહી કરવા માટે આપેલ છે.અરજી અન્વયે અરજદાર તેમજ સામાવાળાઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) અરજદાર તરફે હાલ ની અરજી ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઈઓ મુજબ દાખલ કરેલ છે. હાલ આ કેસ અરજદારના પુરાવા માટે છે અને અરજદાર તરફે આંક-૦૯ થી સરતપાસ રજુ રાખેલ છે જેની ઉલટ તપાસ બાકી છે.આમ, હાલની અરજી પુરાવો નોંધવાની કાર્યવાહી શરૂ થતા અગાઉ આપવામાં આવેલ છે. આ કામે અરજદાર તરફે બી.એન.એસ.એસ. ની કલમ.૩૭૯ હેઠળ અરજી આપવા માં આવેલ છે. બી.એન.એસ.એસ. ની કલમ-૩૭૯/સી.આર.પી.સી. કલમ-૩૪૦ ની જોગવાઈ સંદર્ભે 2024 (0) AIJEL-SC 73892 James Kunjwal Versus State Of Uttarakhand & Anr. નો ચુકાદો માનસહ વંચાણે લીધો. આ ચુકાદા માં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,

16. What we may conclude from a perusal of the above-noticed judicial pronouncements is that:-

(i) The Court should be of the prima facie opinion that there exists sufficient and reasonable ground to initiate proceedings against the person who has allegedly made a false statement(s);

(ii) Such proceedings should be initiated when doing the same is "expedient in the interests of justice to punish the delinquent" and not merely because of inaccuracy in statements that may be innocent/immaterial;

(iii) There should be "deliberate falsehood on a matter of substance";

(iv) The Court should be satisfied that there is a reasonable foundation for the charge, with distinct evidence and not mere suspicion;

(v) Proceedings should be initiated in exceptional circumstances, for instance, when a party has perjured themselves to beneficial orders from the Court.

17. The statement made by the appellant, that has been deemed to be befitting the offence of giving false evidence before the Court, which is known commonly as perjury, was more in the nature of denial of the statements made in the affidavits of the complainant herein.

18. We are of the view that, in the present facts, a denial simpliciter cannot meet the threshold, as described in the judgments above, particularly when no malafide intention/deliberate attempt can be understood from the statement made by the appellant in the affidavit. As has already been observed, mere suspicion or inaccurate statements do not attract the offence under the Section. It cannot be disputed that the statements made in the affidavit were only to state his version of events and/or deny the version put forth by the complainant.

19. We are also of the firm opinion that such statements do not make it expedient in the interest of justice, nor constitute exceptional circumstances in which such Sections may be invoked. Given that these proceedings would constitute an offence, independent of the one for which the appellant is already facing trial, it cannot be unequivocally held that there was deliberate falsehood on a matter of substance.

ક્રીમીનલ પરચુરણ અરજી નં.૭૪૯૦/૨૦૨૫
(આંક–૪૩ ની અરજી લગત હુકમ)

આમ,ઉપરોકત ચુકાદા માં નામદાર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, બી.એન.એસ.એસ. ની કલમ–૩૭૯/સી.આર.પી.સી. ની કલમ.૩૪૦ હેઠળ ના પ્રોસીડીંગ્સ માટે સચોટ પુરાવો રેકર્ડ પર હોવો જોઇએ અને સ્પષ્ટપણે નામદાર કોર્ટ માં થી કોઇ હુકમ મેળવવા માટે ઇરાદાપુર્વક ખોટી હકીકતો જણાવી ખોટો પુરાવો આપેલ હોય અને તેવા પ્રોસીડીંગ્સ જયારે ન્યાયીક કાર્યવાહી માટે જરૂરી જણાય ત્યારે જ કરવા જોઇએ. હાલના કેસમાં પુરાવો નોંધવાની કાર્યવાહી હજી પેન્ડીંગ છે. આ સંજોગો માં અરજદાર એ સામાવાળા વિરૂઘ્ધ બી.એન.એસ.એસ. ની કલમ–૩૭૯ / સી.આર.પી.સી. ની કલમ.૩૪૦ હેઠળ ના પ્રોસીડીંગ્સ કરવા જે અરજી આપેલ છે તે અરજી પુરાવો નોંધ્યા બાદ જ નિર્ણીત થઇ શકે તેમ છે, જેથી આંક–૪૩ ની અરજી નો નિર્ણય બંને પક્ષો નો પુરાવો નોંધ્યા બાદ, મુળ અરજી ના નિર્ણય સાથે કરવા નુ ઠરાવવામાં આવે છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ,અરજદાર ની આંક–૪૩ ની અરજી અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

આથી, અરજદારની આંક–૪૩ થી રજુ બી.એન.એસ.એસ. ની કલમ–૩૭૯ સાથે વાંચતા કલમ.૨૧૫ મુજબ પ્રોસીડીંગ્સ કરવાની અરજી નો નિર્ણય મુળ અરજી સાથે પુરાવા નોંધ્યા બાદ કરવા નુ ઠરાવવા માં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
Code : GJ00956

અમદાવાદ